**નોડલ ઓફિસર, શેર એ કાશ્મીર યુનિવર્સિટી ઓફ એગ્રીકલ્ચરલ સાયન્સ એન્ડ ટેકનોલોજી, જમ્મુ કાશ્મીર અને પ્રસાર શિક્ષણ ભવનની ટ્રેનિંગના તાલીમાર્થીઓએ સરદાર પટેલ એગ્રીકલ્ચરલ એજ્યુકેશનલ મ્યુઝિયમ, આણંદ કૃષિ યુનિવર્સિટીની લીધેલ મુલાકાત**

---

ડૉ. ગોહર અલી, નોડલ ઓફિસર, શેર એ કાશ્મીર યુનિવર્સિટી ઓફ એગ્રીકલ્ચરલ સાયન્સ એન્ડ ટેકનોલોજી, જમ્મુ એન્ડ કાશ્મીર તથા પ્રસાર શિક્ષણ ભવનની ચાર દિવસીય ટ્રેનિંગના તાલીમાર્થીઓએ તા.૨૫.૧૦.૨૦૨૩ બુધવારના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ એગ્રીકલ્ચરલ એજ્યુકેશનલ મ્યુઝિયમની મુલાકાત લીધેલ. મુલાકાત દરમિયાન ડૉ. કૌશિક ખડાયતા દ્વારા તેઓને યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની વિવિધ પ્રવૃત્તિઓ અંગે માહિતી આપવામાં આવેલ. વધુમાં, તેઓએ યુનિવર્સિટીના અન્ય વિભાગો જેવા કે ઔષધિય પ્લાન્ટ નર્સરી, જૈવિક ખાતર વિભાગ અને પ્રાકૃતિક ખેતી અંગે પણ માહિતી મેળવી હતી. સદર મુલાકાત દરમ્યાન પ્રસાર શિક્ષણ ભવનના અધિકારીઓ હાજર રહેલ હતા.




